અનુસુચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ લાયસન્સ/ ટ્રેઇની પાયલોટની તાલીમ માટે નાણાંકીય સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક :એસસીડબલ્યુ /૧૦૨૦૧૫/૬૦૯૬૧૪/ગ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૨૦/૧૦/૨૦૧૬

વંચાણે લીધા :-

(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગના તા. ૨૧-૧૦-૧૯૮૭ના ઠરાવ ક્રમાંક: એસીડબલ્યુ/૧૦૮૭/ મુ.મ.૧૨૪૭/જ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નો તા.૧૪-૧૦-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ /૧૦૯૮/ન.બા.૧૬/ગ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નો તા.૨૪-૩-૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૩૦૬ /ન.બા.૧૦/ગ

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નો તા.૧૭-૫-૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૩૦૭ /૪૨૩/ગ

(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નો તા.૨૧-૧-૨૦૦૯નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૩૦૬ -ન.બા.૧૦-ગ

(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નો તા.૪-૪-૨૦૦૯નો ઠરાવ ક્રમાંક: અજાક /૧૩૦૬ -ન.બા.૧૦-ગ

(૭) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નો તા.૨૫-૮-૨૦૦૯નો ઠરાવ ક્રમાંક: અજાક /૧૦૨૦૦૮ -ન.બા.૨૭-ગ

(૮) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ નો તા.૮-૮-૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ /૧૦૨૦૧૩/૭૭૫૧૯૧-ગ

ઠરાવ:-

આમુખ (૧) માં જણાવેલ તા. ૨૧-૧૦-૧૯૮૭ના ઠરાવથી અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાયસન્સ/ ટ્રેઇનીં પાયલોટની તાલીમ માટે રાજય સરકાર દ્વારા રૂ. ૨.૦૦ લાખ સુધીની લોન વાર્ષિક ૪ ટકા વ્યાજના દરે મંજુર કરવામાં આવશે લાભાર્થી લોનના હપ્તા ભરવામાં નિયમિત રહે તથા તાલીમ પછી ભારતમાં પાયલોટ તરીકે પાંચ વર્ષની સેવા પૂરી કરે ત્યારબાદ મૂળ લોન ૫૦ ટકા રકમ સબસીડી તરીકે ફેરવવામાં આવશે તેવી યોજના અમલમાં મૂકવામાં આવી હતી.

આમુખ ક્રમાંકઃ (૨) થી રૂ. ૨.૦૦ લાખની લોનને બદલે રૂ. ૪.૦૦ લાખ લોન આપવાનું ઠરાવેલ. આમુખ ક્રમાંકઃ (૩)માં દર્શાવેલ ઠરાવથી રૂ. ૪.૦૦ લાખની લોનને બદલે રૂ. ૧૫.૦૦ લાખ લોન આપવાનું ઠરાવેલ. આમુખ ક્રમાંકઃ ૪ માં દર્શાવેલ ઠરાવથી આ લોન સરકાર કક્ષાએ મંજુર કરવાની જોગવાઇ હતી તેમાં સુધારો કરીને લોન મંજુર કરવાની સત્તા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને આપવામાં આવેલ. આમુખ ક્રમાંકઃ ૫ માં જણાવેલ ઠરાવથી કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે આપવામાં આવતી લોનમાં ૫૦ ટકા રકમ સબસીડી તરીકે ફેરવવાની જોગવાઇ કરવામાં આવેલ તે જોગવાઇ રદ કરવામાં આવેલ .

આમુખ ક્રમાંકઃ ૬ ના ઠરાવથી તા. ૨૧-૧૦-૧૯૮૭ના ઠરાવથી શરત નં. ૧૨ માં સુધારો કરી લાભાર્થીને લોનની ચૂકવણી થયા તારીખથી એક વર્ષ પછી લોનની વસુલાત કરવામાં આવશે. લાભાર્થીએ લોનની પરત ચૂકવણી ૧૦ વર્ષમાં મુદ્દલ અને વ્યાજ ૨ વર્ષમાં એમ મળી ૧૨ વર્ષમાં સંપૂર્ણ રકમ વ્યાજ સહિત ભરપાઇ કરવાની રહેશે તે અનુસાર માસિક હપ્તાની રકમની ગણતરી કરી વસુલાતની કાર્યવાહી કરવા ઠરાવેલ. આમુખ ક્રમાંકઃ ૭ના ઠરાવથી રૂ. ૧૫.૦૦ લાખની લોનમાં રૂ. ૫.૦૦ લાખનો વધારો કરી રૂ. ૨૦.૦૦ લાખ લોન આપવા ઠરાવેલ. આમુખ ક્રમાંકઃ ૮ થી રૂ.૨૦.૦૦ લાખની લોનમાં રૂ. ૫.૦૦ લાખનો વધારો કરી રૂ. ૨૫.૦૦ લાખ લોન આપવા ઠરાવેલ છે.

ઉપરોકત વંચાણ (૧) થી (૮) પરના કોમર્શીયલ પાઇલોટ લાઇસન્સ / ટ્રેઇનીંગ પાયલોટની તાલીમ લોન યોજનાને લગતાં સરકારશ્રીના તમામ ઠરાવો/ પરિપત્રો સંકલિત કરીને નીચે મુજબનો સંકલિત ઠરાવ કરવામાં આવે છે. નીચે જણાવેલ શરતો અને જોગવાઇઓને આધીન રહીને અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિના લોકો માટે શિક્ષણની સુવિધા જેમ જેમ વધતી જાય છે તેમ તેઓ સરકારી નોકરીઓ ઉપરાંત વ્યવસાયિક તાલીમમાં પણ જોડાતા હોય છે. આમ છતાં પણ કોમર્શીયલ પાયલોટ લાયસન્સ/ ટ્રેઇની પાયલોટ જેવા ખર્ચાળ અભ્યાસક્રમો/ તાલીમ માટે પછાતવર્ગના ઉમેદવારો ભાગ્યેજ આગળ આવે છે. આવી તાલીમ દેશ તથા વિદેશમાં આપવામાં આવતી હોય છે. સામાન્ય રીતે ભારતમાં આ પ્રકારની તાલીમ લેવા પાછળ ચાર વર્ષ જેટલો લાંબો સમય જાય છે. જયારે વિદેશમાં આ પ્રકારની તાલીમ લેવામાં ઘણો ઓછો સમય એટલે કે છ થી દસ માસ જેટલા સમયમાં આવી તાલીમ પ્રાપ્ત કરીને કોમર્શીયલ પાયલોટ લાયસન્સ મેળવી શકાય છે. અનુસૂચિત જાતિના લોકોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેઓ આ પ્રકારની તાલીમ મેળવી શકવા માટે શક્તિમાન હોતા નથી. આથી આવા ઉમેદવારોને જો સરકાર તરફથી નાણાંકીય સહાય આપવામાં આવે તો તેઓ કોમર્શીયલ પાયલોટ લાયસન્સ જેવા ઉચ્ચ પ્રકારના ટેકનીકલ તાલીમ અભ્યાસક્રમોમાં દાખલ થઇ આવા લાયસન્સ મેળવી શકે. રાજ્ય સરકારનો અભિગમ અનુસૂચિત જાતિ તેમ પછાતવર્ગોનો ઉત્કર્ષ કરવાનો છે. આથી અનુસૂચિત જાતિના લાયક ઉમેદવારો માટે કોમર્શીયલ પાયલોટ લાયસન્સ માટે નીચે પ્રમાણેની યોજના અમલમાં મૂકવામાં આવે છે.

૨. આ યોજના અંતર્ગત તાલીમાર્થીઓને રાજય સરકાર દ્વારા રૂ. ૨૫.૦૦ લાખ સુધીની લોન, વાર્ષિક ૪ % વ્યાજના દરે મંજુર કરવામાં આવશે. લાભાર્થીને લોનની ચૂકવણી થયાની તારીખથી એક વર્ષ પછી

લોનની વસુલાત શરૂ કરવામાં આવશે. લાભાર્થીએ લોનની પરત ચૂકવણી ૧૦ વર્ષમાં મુદ્દલ અને વ્યાજ ૨ વર્ષમાં એમ કુલ મળી ૧૨ વર્ષમાં સંપૂર્ણ રકમ વ્યાજ સહિત ભરપાઇ કરવાની રહેશે. તે અનુસાર માસિક હપ્તાની રકમની ગણત્રી કરી વસુલાતની કાર્યવાહી કરવાની રહેશે.

આ યોજનાનો અમલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું , ગુજરાત રાજય, ગાંધીનગર કરશે. આ યોજનાની શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.

(૧) કોમર્શીયલ પાયલોટ લાયસન્સ/ ટ્રેઇની પાયલોટની તાલીમ મેળવવા ઇચ્છતા ઉમેદવારે 'મેટ્રીકયુલેશન અથવા હાયર સેકન્ડરી અથવા તો ઇન્ડીયન સ્કૂલ સર્ટીફીકેટ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. ઉપરાંત ઉમેદવાર જે સંસ્થામાં તાલીમ મેળવવા ઇચ્છતા હોય તે સંસ્થાએ કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તાલીમ વર્ગમાં દાખલ થવા માટે નકકી કરેલ બધી જ શૈક્ષણિક તાંત્રિક તેમજ અન્ય જરૂરી લાયકાતો ધરાવતા હોવા જોઇએ.

(૨) આવી તાલીમ આપનાર દેશ/ પરદેશની સંસ્થાએ તાલીમાર્થીના પ્રવેશ માટે શરતો નક્કી કરી હોય તે તથા આવી તાલીમ માટે જરૂરી તમામ પ્રમાણપત્રો જેવા મેડીકલ સર્ટીફીકેટ, ફીટનેશ સર્ટીફીકેટ મેળવેલ હોવા જોઇએ.

(૩) તાલીમાર્થી પરદેશની જે સંસ્થામાં તાલીમ મેળવે તે સંસ્થા તેમના દેશની સરકાર દ્વારા આવી તાલીમ આપવા માટે માન્ય થયેલી હોવી જોઇએ. તથા આવી તાલીમ બાદ મેળવવામાં આવતા કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તે દેશમાં સ્વીકૃત થયેલા હોવા જોઇએ. ત્યાર પછી ભારતમાં તે લાયસન્સ સ્વીકૃતિ કરાવવા માટે તાલીમાર્થીએ જરૂરી કાયદેસરની કાર્યવાહી એક વર્ષની અંદર પૂરી કરવાની રહેશે.

(૪) તાલીમાર્થીએ તેમની તાલીમ માટે થનાર ખર્ચના અંદાજો જે તે સંસ્થા પાસેથી મેળવીને રજૂ કરવાના રહેશે.

(૫) તાલીમ આપનાર સંસ્થા તરફથી ઉમેદવારને પ્રવેશ આપ્યા અંગેનો સંમતિપત્ર મળ્યા બાદ જ આવી સહાય મંજુર કરવામાં આવશે.

(૬) આ યોજના હેઠળ સહાય મેળવનાર લાભાર્થીએ તાલીમ પૂર્ણ કર્યા બાદ તેમની સેવાઓ ભારતમાં ઓછામાં ઓછા ૫ વર્ષ માટે આપવાની રહેશે. જો તેઓ પરદેશમાં સ્થાયી થશે તો આવી સહાયની રકમ સંપૂર્ણપણે વ્યાજ સાથે ગુજરાત સરકારને પરત કરવાની રહેશે. આમાં કોઇ છૂટછાટ મૂકી શકાશે નહીં.

(૭) આવી તાલીમ લેવા ઇચ્છતા ઉમેદવારોના કોઇ સગા સંબંધી વિદેશમાં રહેતા હોય તાલીમાર્થીઓને તેઓ દ્વારા નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત (Sponser) કરેલા હોવા જોઇએ નહી.

(૮) આ યોજના નીચે આપવામાં આવતી રકમ તાલીમ માટે ખરેખર જેટલી રકમની જરૂરત હશે રકમ પૂરતી મર્યાદિત રહેશે. ભારતમાં તાલીમ માટે જો રકમમાં ટયુશન ફી (Tution fee) લાયસન્સ મેળવવા માટે જરૂરી ફલાઇંગ અવર્સ (Flying hours) માટેની ફી તથા અન્ય આનુષાંગિક ખર્ચનો સમાવેશ થશે. આ બાબતમાં નિયમાકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ નો નિર્ણય આખરી ગણાશે.

(૯) પરદેશમાં આવી તાલીમ લેવા ઇચ્છાવાળા તાલીમાર્થીઓને આ યોજના હેઠળ સહાયની રકમ ચૂકવતી વખતે રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા દ્વારા નિયત થયેલા વિનિમય દરે સહાયની રકમ ચૂકવવામાં આવશે. અને તાલીમાર્થીઓના ભથ્થાઓમાં રીઝર્વ બેન્કની મંજુરી પણ મેળવવાની રહેશે. રીઝર્વ બેન્ક જેટલા પ્રમાણમાં તાલીમ ફી (Tution fee) નિર્વાહ ભથ્થા (વધુમાં વધુ છ મહિના માટે) અને શરૂઆતના સાધનો માટેના ભથ્થાઓ મંજુર કરશે તેટલા પ્રમાણમાં જ લોનની રકમ મંજુર થઇ શકશે.

(૧૦) અરજદારે તેમની સંપૂર્ણ વિગતો અને પ્રમાણપત્રો સાથેની અરજી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગરને નિયત કરેલ બાંહેધરી પત્રક (Agreement) તથા જરૂરી જામીનખત સાથે મોકલી આપવાની રહેશે. નિયામકશ્રીએ અરજદારની અરજીની સંપૂર્ણપણે ચકાસણી કરીને નિયમોનુસાર મળવાપાત્ર લોન મંજુર કરવાની રહેશે.

(૧૧) આ યોજનાનો લાભ ફકત મૂળ ગુજરાત રાજયના અનુસૂચિત જાતિના ઉમેદવારોને જ આપવામાં આવશે.

(૧૨) વિદેશમાં આવી તાલીમ લેવા જતા ઉમેદવારોએ આવી તાલીમ પૂરી કર્યા પછી ભારતમાં તુર્ત જ પાછા ફરવાનું રહેશે. અને પાંચ વર્ષ સુધી ભારતમાં પાયલોટ તરીકે સેવા આપવાની રહેશે.

(૧૩) ભારતમાં આવી તાલીમ લેનાર તાલીમાર્થીએ પણ શરત ક્રમાંકઃ ૧૨ મુજબ પાંચ વર્ષ સુધી ભારતમાં પાયલોટ તરીકે સેવા આપવાની રહેશે.

(૧૪) તાલીમાર્થીએ ખરેખર લોનના નાણા ચૂકવ્યાની તારીખથી એક મહિનાની અંદર તાલીમ શરૂ કરવાની રહેશે. વળી તાલીમાર્થીએ પોતાની તાલીમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ તાલીમ આપતી સંસ્થામાંથી મેળવીને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ, કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગરને રજુ કરવાનો રહેશે.

(૧૫) અરજદારને મંજુર કરવામાં આવેલ લોન નિયમિત ભરપાઇ કરવામાં કસૂર થશે તો ચડત હપ્તાઓ સામે ૨.૧/૨ % (અઢી ટકા) લેખે દંડનીય વ્યાજ લેવામાં આવશે. દંડનીય વ્યાજ સહિત હપ્તાઓ ભરવામાં કસૂર થશે તો ચડત તેમજ બાકી વસુલાત કરવાની તમામ રકમ તથા અન્ય ખર્ચ એકી સાથે મહેસુલી રાહે વસૂલ કરવામાં આવશે.

(૧૬) લેણી બાકી રકમ નિયત સમય કરતાં વહેલી ભરપાઇ કરવા માટે અરજદારને વછૂટ રહેશે.

(૧૭) આ લોનનો ઉપયોગ અરજદાર જો બીજા કોઇ હેતુ માટે કરશે તો લોનની અપાયેલ રકમ ચૂકવ્યાની તારીખથી (એકસાથે) દંડનીય વ્યાજ સાથે પરત વસૂલ લેવામાં આવશે.

(૧૮) લાભાર્થીએ બે યોગ્ય જામીન રજૂ કરવાના રહેશે.

(૧૯) આ યોજના હેઠળ લોનની રકમની ચૂકવણી કરતાં પહેલાં નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે અરજદાર પાસેથી ઉપર મુજબની શરતોના પરિપાલન માટે સ્વીકૃતિ (Agreement) લેવાની રહેશે. અને અરજદાર તરફથી તેનું યોગ્ય પાલન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની રહેશે.

(૨૦) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૧) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી અને વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

આ અંગેનું ખર્ચ નીચે જણાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનું તેમજ તે સદરે થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંકઃ ૯૫, | અનુસૂચિત જાતિ પેટા યોજના |
| મુખ્ય સદર- ૬૨૨૫- | અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જાદિજાતિઓ અને અન્ય પછાતવર્ગનું કલ્યાણ માટે લોન |
| પેટા સદર- ૦૧- | અનુસૂચિત જાતિઓનું કલ્યાણ |
| ગૌણ સદર- ૨૭૭ | શિક્ષણ, પેટા સદર- (૨) બીસીકે-૧૪, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પાયલોટ માટેની વ્યવસાયિક તાલીમ લોન બાબત. |

આ સંકલિત ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર મળેલ સરકારશ્રીની તા.૧૦-૧૦-૨૦૧૬ ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી (સા.ન્યાય) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા),સચિવાલય,ગાંધીનગર.
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી (અજાક) મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત), (નિયામકશ્રી (અજાક) મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી,(નિયામકશ્રી (અજાક) મારફત)
બજેટ શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
કમ્પ્યુટર સેલ-શાખા,વિભાગની વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.